# સુખનો ખપ

— શ્રી મફતલાલ સંઘવી

આ દુનિયામાં યથાર્થ સુખની ભૂખવાળા માનવો છે જ બહુ ઓછા. નહિતર દુઃખની શી મજાલ છે કે તે અહીં ડેરા–તંબુ નાખીને વર્ચસ્વ જમાવી શકે.

દુન્યવી માનવી પ્રતિકૂળતાને 'દુઃખ' ગણે છે. સાનુકૂળતાને 'સુખ' ગણે છે. પણ એવા માણસો કેટલા કે જેઓ પોતા સિવાયના અન્ય માનવ–પ્રાણીઓને પ્રતિકૂળ ન બનવાની ખરી ખેવનાપૂર્વક જીવન જીવતા હોય?

કોઈ પણ જીવની સાનુકૂળતાના ભોગે નિજ પ્રતિકૂળતા દૂર કરવાની વૃત્તિ યા પ્રવૃત્તિ રેતીના કણમાંથી તેલ કાઢવા જેવી મિથ્યા છે.

'જીવ માત્રને સુખ પ્રિય છે.' એ સિદ્ધાંતને ત્રિવિધે સમર્પિત થવાની કળાસાધનાનું બીજું નામ ધર્મસાધના છે. જ્યાં જ્યાં જડનો રાગ, ત્યાં ત્યાં શ્રી જિનાજ્ઞાનો ભંગ. જ્યાં જ્યાં જીવનો દ્વેષ, ત્યાં ત્યાં શ્રી જિનાજ્ઞાનો ભંગ.

અનાદિ કાળથી કોઠે પડી ગયેલા આ બે મહારોગની રામબાણ ઔષધિ તો છે જ. પણ જ્યાં સુધી આપણને આ બે મહારોગ, મહારોગરૂપે ખટકે નહિ, ત્યાં સુધી તેને દૂર કરનારી ઔષધિ તરફ આપણું ધ્યાન કઈ રીતે ખેંચાય?

રાગરહિત જીવનના સર્વોચ્ચ શિખરે બિરાજતા શ્રી વીતરાગ પરમાત્માને ત્રિવિધે ભાવપૂર્વક નમવાથી, ભજવાથી, પૂજવાથી જડતા રાગની જડ ઉખડવા માંડે છે અને જીવ-મૈત્રીનો પરિણામ પુષ્ટ બનવા માંડે છે.

દુઃખનાં રોદણાં રોવાં અને તેના કારણરૂપ પાપની પરવા ન કરવી, તે ક્યાંનો ન્યાય? પોતાના સુખ માટે પરને દુઃખ પહોંચાડવું અને છતાં દુઃખ આવે ત્યારે દોષ બીજાને ઓઢાડવો તે જાતિની ગતિ જીવને અધોગતિમાં ન ખેંચી જાય તો બીજું શું કરે? વાત કરવી આર્તધ્યાનની ભયંકરતાની અને પંડના માની લીધેલા સુખ માટે પરને આર્તધ્યાનમાં ધકેલતાં પોતાને આંચકો પણ ન લાગે એ કેવી ગજબ ધૃષ્ટતા ગણાય?

મૌલિક સુખનો અર્થી આત્મા, કદી કોઈ પણ જીવને અસુખ અનુભવવું પડે એવી ચેષ્ટા સુદ્ધાં કરતો નથી.

શ્રી વીતરાગ પરમાત્માની યથાર્થ ભક્તિના પ્રતાપે કેળવાતી જીવમૈત્રી જ્યારે હૃદય-સાત્ થાય છે, ત્યારે સહન કરવામાં જેવો આનંદ અનુભવવા મળે છે તેવો સામાને સહન કરવું પડે, તેવી પરિસ્થિતિ ઊભી કરવામાં નથી જ મળતો.

કોઈનું ય સુખ ઝુંટવી લેવાનો કોઈ અધિકાર આપણને ખરો? ના.....

તો આજે આપણે જે જીવન જીવીએ છીએ તેનું મધ્યબિંદુ કોણ? સ્વાર્થ કે પરમાર્થ? દયા કે નિર્દયતા? મૈત્રી કે દ્વેષ? આત્મશુદ્ધિ કે કર્મમાલિન્ય?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વાસોચ્છવાસ પૂરા કરીને પરલોકમાં સિધાવવું એ જીવનની વ્યાખ્યા નથી.

જ્યાં જઈને કાયમી વસવાટ કરવાથી, ત્રણ જગતના કોઈ એક પણ જીવને પોતા થકી લવલેશ દુઃખ પહોંચતું નથી, યાને સંપૂર્ણ 'અભય'નું સર્વોત્તમ પ્રદાન કરી શકાય છે, તે પરમપદને પામવાની પરમ પવિત્ર લક્ષ્યપૂર્વક અણમોલ માનવતવના પ્રત્યેક સમયને આપણે સાર્થક કરવો જોઈએ.

ચિત્તના જ્યોતિ–કળશમાં સર્વકલ્યાણની ભાવનાના અમૃત સિવાય, અન્ય કોઈ પદાર્થ ભરવો, તે આપણને મળેલાં જીવનની લાઘવતા કરવા બરાબર છે. પુણ્યાધીન સાનુકૂળતાઓને યથાર્થ સુખની વ્યાખ્યામાં બાંધી લેવાં, તે પણ એક પ્રકારની સંકુચિતતા તથા અજ્ઞાન છે.

આજે આવીને આવતી કાલે જતું રહે તે સુખને 'સુખ' કહેવાય કઈ રીતે ? અને આવા ચંચળ સુખ કાજે માનવજીવનની એક પળ પણ કઈ રીતે વેડફી શકાય ? સુખ વિષેની યથાર્થ સમજના અભાવે જેટલું દુઃખ આજનો માનવી ભોગવી રહ્યો છે, તેટલું દુઃખ તો તે પાપોદય જન્મ પ્રતિકૂળતા વચ્ચે પણ કદાચ નહિ ભોગવતો હોય. જેને સુખ જોઈતું હોય, તે માનવી દુઃખના કારણભૂત પાપને પ્રણામ કરે જ શા માટે ? પચાસ–સો વર્ષના સીમિત જીવનનો વિચાર કરીને જ જીવન ઘડવું તે દુઃખને નોંતરવાની કુચેષ્ટા છે.

ત્રણે ય કાળ સાથે જીવનના તારને બરાબર સાંધીને જીવન જીવવાની જે કળા શ્રી જિનેશ્વરદેવે પ્રકાશી છે, તેની સાધના ખૂબ જ જરૂરી છે.

આજે દુઃખ પડ્યું એટલે તેના કારણની ઊંડી તપાસ કર્યા સિવાય જ ગમે તે માર્ગે સુખી થઈ જવાનો પ્રયત્ન આદરવો તે દુઃખના વધુ ઊંડા ખાડામાં ગરકાવ થવું તે છે. દુઃખનો અણગમો પાપ તરફના અણગમાનો પ્રેરક બને છે. તેની સાથે જીવનમાં જે સત્ત્વ પ્રગટે છે, તેનાથી અદ્‌ભુત સ્વસ્થતા અનુભવાય છે.

કર્મના કબજામાંથી છૂટવા માટે સર્વ કર્મયુક્ત શ્રી વીતરાગ પરમાત્માનું શરણું એ ત્રિકાલાબાધિત સચોટ ઉપાય છે. સાચું સુખ આત્મામાં છે. તેની શોધ ત્યાં કરો. બહાર સુખ હોત તો પ્રત્યેક સંસારી સુખી હોત. પ્રત્યેક ત્યાગી દુઃખી હોત.

પાપકરણ વૃત્તિને વેગ આપવામાં જડનો રાગ અને જીવનો દ્વેષ મહત્ત્વનો ભાગ ભજવે છે.

નિષ્પાપ જીવનની ખરી ભૂખ સિવાય, સુખની ઝંખના માત્ર ઝંખના જ રહેશે.

'મારે સુખી થવું જ છે' એવા નિર્ધાર સાથે જેઓ પોતાના જીવનની પ્રત્યેક પળનો જાગૃતિપૂર્વક સદુપયોગ કરે છે, તેમ જ કોઈ માનવ–પ્રાણીને દુઃખ પહોંચે એવી વૃત્તિથી વેગળા રહે છે, તેમને 'દુઃખ' ક્યાંથી હોય ?

શાશ્વત સુખનો અર્થી સર્વ કાળમાં સુખી હોય છે. *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org